पु॰ना International School

Shree Swaminarayan Gurukul, Zundal

# Class -VI

# GUJARATI

# Specimen Copy

# Year- 2020-21



# ગુજરાતી

## ધોરણ 6

(પ્રથમ સત્ર - દ્વિતીય સત્ર)




Scanned with CamScanner

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રથમ સત્ર | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| 1 | નાવડી ચાલી | 4 |
| 2 | ઠંડી | 6 |
| 3 | સાચી હજ | 9 |
| 4 | લાખો વણજારો | 11 |
| 5 | ઉખાણાં | 13 |
| 6 | રાતાં ફૂલ | 15 |
| 7 | કલાકારની ભુલ | 17 |

# પાઠ – 1 [ નાવડી ચાલી ]



**અઘરા શબ્દ**

પીલું
જોર- જોરથી
નૌકા વિહાર
દંગ
પસ્તાવો

## શબ્દાર્થ

પીલું = મરઘીનું બચ્ચું
પાણી = જળ
મજા = આનંદ
જોર- જોરથી = મોટેથી
નૌકા વિહાર = હોડીમાં બેસી પાણીમાં તરવું તે
દંગ = આશ્ચર્ય ચકિત

**સાહિત્ય**

**નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**1) કીડી અને ભમરા સાથે કોણ – કોણ ફરવા નીકળ્યું?**

જ) કીડી અને ભમરા સાથે પીલું, દેડકો અને ઉંદર ફરવા નીકળ્યા.

**2) પાણીમાં કોણ કૂદી પડ્યુ?**

જ) પાણીમાં દેડકો કૂદી પડ્યો.

**3) તરતાં કોને – કોને આવડતું નહોતુ?**

જ) તરતાં કીડી , ભમરા ,પીલું, દેડકો અને ઉંદરને આવડતું નહોતું.

**4) પીલું ઝડપથી શું લઈ આવ્યું?**

જ) પીળું ઝડપથી પાંદડું લઈ આવ્યુ.

**5) નાવડી બાનાવવા કોણા શું લઈ આવ્યુ?**

જ) નાવડી બાનાવવા પીલું પાંદડું , ઉંદર કાછલી , કીડી લાકડી અને ભમરો દોરી લઈ આવ્યો.

**વ્યાકરણ**

દેડકો : દેડકો પાણીમાં ડ્રાંઉં.... ડ્રાંઉં.... કરે છે.

ચકલી : ચકલી ચીં....ચીં.... કરે છે.

ઉંદર : ઉંદર ચૂં.....ચૂં બોલે છે.

કબૂતર : કબૂતર ઘૂં....ઘૂં કરે છે.

ભમરો : ભમરો ગુણ..ગુણ કરે છે.

**કૌસમાં આપેલાં શબ્દો વડે ખાલી જગ્યા પૂરો.**

**( બોડ , રાફડો , દર , માળો , વાડો , ઘર )**

1) ઉંદરનું રહેઠાણ = દર

2) વાઘ – વરુનું રહઠાણ = બોડ

3) પંખી ઝાડ પર રહેવા બાંધે છે તે = માળો

4) બકરી – ઘેટાંને જ્યાં પુરવામાં આવે છે તે = વાડો

5) માણસનું રહેઠાણ = ઘર

6) સાપનું રહેઠાણ = દર

**કૌસમાં આપેલાં શબ્દો વડે ખાલી જગ્યા પૂરો.**

**( શાકભાજી , પંખી , રંગ , ઋતુ , માસ , ફળ , સંબંધ )**

1) જાન્યુઆરી , ફેબ્રુઆરી , માર્ચ. = માસ

2) સફરજન ,દાડમ , કેરી =ફળ

3) રાતો , પીળો , લાલ =રંગ


4) શિયાળો , ઉનાળો , ચોમાસું =માસ

5) કાકા , ફુઆ , માસી =સંબંધ

6) દૂધી , કારેલાં , ભીંડા =શાકભાજી

7) મોર , પોપટ , કાબર =પંખી

# કાવ્ય– 2 ઠંડી



## અઘરા શબ્દો

ઝટ
મીઠો
હૂંફ
ટપાક
દડદડ
સડકો
પહેરો

## શબ્દાર્થ

| | |
|---|---|
| ઝટ | = ઝડપથી |
| મીઠો | = મધુરો |
| હૂંફ | = ગરમી |
| ટપાક | = તુરંત |
| દડદડ | = રળતું |
| સડકો | = રસ્તો |
| પહેરો | = પહેરો |

## સાહિત્ય

**નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

**1) ફ્રીજમાં ઠંડી કોને લાગે છે?**

જ) ફ્રીજમાં ઠંડી ટામેટાને લાગે છે.

**2) ટમેટું બંડી પહેરાવવા કોને કહે છે?**

જ) ટમેટું બંડી પહેરાવવા દૂધીમાસીને કહે છે

.

**3) ટમેટાને ડાળ પર શા માટે ગમે છે?**

જ) ટમેટાને ડાળ પર અડકો દડકો રમવા મળતુ હતુ અને સવારનો તડકો હૂંફ આપતો હતો તેથી ઝાડની ડાળ પર ગમે છે.

**4) ફ્રીજનો દરવાજો શા માટે ખૂલ્યો?**

જ) ફ્રીજનો દરવાજો ધારી લેવા માટે ખૂલ્યો.

**5) ટમેટું ખુશ કેમ થયુ?**

જ) ટમેટું સૂરજનો તડકો જોઈ ખુશ થયુ.

## વ્યાકરણ

### નીચેના શબ્દો પરથી વાક્યો બનાવો.

1) વાસી = આ ખોરાક વાસી છે.

2) ઠંડી = આજે ખુબજ ઠંડી છે.

3) રાજા = આ રાજા છે.

4) સૂરજ = સૂરજ ગરમી આપે છે.

### નીચે આપેલા બે શબ્દો પરથી એક વાક્ય બનાવો.

**1)મોબાઈલ – બૉલપેન**

વાક્ય = મોબાઈલ અને બૉલપેન ઉપયોગી વસ્તુ છે.

**2)દુધી – ચોપડી**

વાક્ય = ચોપડીમાં દૂધીનું ચિત્ર છે.

**3)તડકો – બરફ**

વાક્ય = તડકાનાં કારણે બરફ ઓગળે છે.

### કાવ્યમાંથી પ્રાસવાળા શબ્દો શોધીને લખો.

1) ઠંડી – બંડી

2)દડકો – તડકો

3)ગામ – નામ

4)ધારી – મારી

5) સડકો – તડકો

### નીચેના શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો.

ટમેટું , ઠંડી , બંડી , તડકો , સૂરજ.

ટમેટું ,, ઠંડી ,, તડકો , બંડી , સૂરજ.

# નિબંધ

## મારી પ્રિય ઋતુ

વસંત મારી પ્રિય ઋતુ છે.

વસંતઋતુમાં ઠંડી અને ગરમી બંને માફકસર હોય છે. આકાશ પણ સ્વચ્છ હોય છે. વસંતમાં વરસાદ ન પડે એટલે માખી અને મચ્છરનો ત્રાસ પણ હોતો નથી. ચોમાસાની જેમ ક્યાંય ખાડાખાબોચિયાં કે કાદવકીચડ પણ ન હોય. રસ્તા ચોખ્ખા હોય છે. ચોમાસા જેવી ગંદકી હોતી નથી. એટલે માંદગીનું પ્રમાણ ખૂબ ઓછું હોય છે.

વસંતમાં વૃક્ષો પર નવાં પાન ફૂટે છે. જાતજાતનાં ફૂલો ખીલી ઊઠે છે. તેમની સુગંધથી વાતાવરણ ખુશનુમા બને છે. કોયલના મીઠા ટહુકા સંભળાય છે. ખેતરોમાં ઘઉં અને ચણાનો પાક તૈયાર થઈ જાય છે. તેનો પોંક ખાવાની મજા આવે છે. આંબા ઉપર કેરીના મરવા આવે છે. લોકો તેનું કચુંબર બનાવે છે. વસંતઋતુમાં લોકો રંગબેરંગી કપડાં પહેરી ફરવા નીકળે છે. કેસૂડાનાં કેસરી ફૂલો વનની શોભામાં વધારો કરે છે.

વસંતઋતુમાં વસંતપંચમી, હોળી અને ધુળેટી જેવા તહેવારો આવે છે. લોકો આ તહેવારો ધામધૂમથી ઊજવે છે.

કવિઓએ વસંતઋતુને 'ઋતુરાજ'નું બિરુદ આપ્યું છે. વસંતઋતુ કવિઓની પ્રિય ઋતુ છે.

# પાઠ – ૩ સાચી હજ




**અઘરા શબ્દો**

તીવ્ર

મક્કા

કબૂલ

આશ્ચર્ય

મૂંઝવણ

ઝળઝળિયાં

**શબ્દાર્થ**

| | |
|---|---|
| તીવ્ર | = ભારે |
| મક્કા | = અરબસ્તાનનું એક નગર , મહંમદ પયગંબરનું જન્મ સ્થાન. |
| કબૂલ | = સ્વીકારવું |
| આશ્ચર્ય | = નવાઈ |
| મૂંઝવણ | = ચિંતા |
| ઝળઝળિયાં | = આંખનાં આંસુ |

સાહિત્ય

**નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

1)શેખ અબ્દુલ્લાંનેહજ કરવાની ઈચ્છા ક્યારે થઈ?

જ) જ્યારે બધા હજ કરવા માટે જતાં ત્યારે શેખ અબ્દુલ્લાંને હજ કરવાની ઈચ્છા થતી.

**2)શેખ અબ્દુલ્લાં હજ કરવા શા માટે ના જઈ શક્યા?**

જ) શેખ અબ્દુલ્લાં હજ કરવા તેમની ગરીબીના કારણે ના જઈ શક્યા.

**3) અલી હુસેનના પાડોશનાં બાળકો શા માટે રોકકળ કરતાં હતા?**

જ) અલી હુસેનના પાડોશનાં બાળકોને કેટલાય દિવસથી ખાવાનુ મળ્યું નહતું તેથી તેઓ રોકકળ કરતાં હતા.

**નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો.**

1) **અલી હુસેને શા માટે પૈસા ભેગા કર્યા હતાં? તે પૈસાનુ તેણે શું કર્યું?**

જ) અલી હુસેને હજ કરવા માટે પૈસા ભેગા કર્યા હતા.તે પૈસા તેણે પાડોશના બાળકોની ભુખ મટાડવા માટે વાપરી દીધા.

2) **ખુદાના દરબારમા અલી હુસેનની હજ મંજૂર શા માટે થઈ?**

જ) અલી હુસેને હજ કરવા માટે જે પૈસા ભેગા કર્યા હતા તે પૈસા તેના પડોશના બાળકોની ભુખ મટાડવા માટે વાપરી દીધા.

**વ્યાકરણ**

**નીચેના સમાનાર્થી શબ્દો લખો.**

1) પરિવાર = કુટુંબ

2) અચાનક = એકાએક

3) આશ્ચર્ય = નવાઈ

4) તકલીફ = મુશ્કેલી

5) ફરીશ્તો = દેવદુત

6) આંખ = નયન

**નીચેના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.**

1) ગરીબ અમીર

2) શાંતિ અશાંતિ

3) પુણ્ય પાપ

4) બેભાન સભાન

5) બીમાર તંદુરસ્ત

6) મંજૂર નામંજુર

**નીચેના શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો.**

પુણ્ય , યાદ , વાતચીત , શ્વાસ , શાંતિ

જ) પુણ્ય , યાદ , વાતચીત , શાંતિ , શ્વાસ

# પાઠ – 4 [લાખો વણજારો ]



**અઘરા શબ્દો**

વણજારો

સાનમાં

ડચકારીને

ખાતર પડ્યું

પગેરું

**શબ્દાર્થ**

વણજારો = એક જ્ઞાતિ

સાનમાં = થાપણ મુકવું

ડચકારીને = મોઢાથી પંપાળવું

ખાતર પડ્યું = ચોરી થઈ

પગેરું = પગનું નિશાન

સાહિત્ય

**નીચેના પ્રશ્નોનાં જવાબ લખો.**

**1) લાખો વાણિયા પાસે શા માટે ગયો?**

જ) લાખો વાણિયા પાસે પૈસા ઉધાર લેવા માટે ગયો.

**2) લાખાએ ડાઘિયાને વાણિયાને ત્યાં શા માટે મૂક્યો?**

જ) લાખાએ વાણિયાની પાસેથી પૈસા લીધા હતા અને તેની બદલામાં કંઈક ઉધાર મૂકવું પડે તેથી લાખાએ ડાઘિયાને વાણિયાને ત્યાં ઉધાર મૂક્યો.

**3) ડાઘિયાએ વાણિયા ને પોતાની સાથે લેવા શું કર્યું?**

જ) ડાઘિયાએ વાણિયા ને પોતાની સાથે લેવા માટે વાણિયાનું ધોતિયું ખેંચ્યું.

**4) શેઠે ડાઘિયાની કોટે શું બાંધ્યું?**

જ) શેઠે ડાઘિયાની કોટે એક ચિઠ્ઠી બાંધી જેમાં લખ્યું હતું કે "લાખાને જે પૈસા ધિર્યા હતા તેનાથી અનેક ગણું ડાઘિયાએ બચાવી આપ્યું છે તે વાત લખેલી હતી.

**5) ડાઘિયો ઘડિભર કેમ થંભી ગયો?**

જ) લાખાએ ડાઘિયાની સામે અનાદર બતાવ્યો તેથી ડાઘિયો ઘડીભર થંભી ગયો.

**6) ડાઘાસર ક્યાં આવેલું છે?**

જ) ડાઘાસર ઉતર ગુજરાતના રાધંપુર પાસે આવેલું છે.

## નીચેના પ્રશ્નોનાં જવાબ સવિસ્તાર લખો.

**1) ખોવાયેલું ધન કોણે પાછું અપાવ્યું ? શી રીતે?**

જ) ખોવાયેલું ધન ડાઘિયાએ પાછું અપાવ્યું. ડાઘિયો શેઠને ધોતિયું પકડીને લઈ ગયો અને ચોરે જ્યાં ધન

છુપાવ્યું હતું ત્યાં જઈને જમીન ખોતરવા લાગ્યો અને ત્યાંથી શેઠનો બધો ચોરાયેલો માલ પાછો અપાવ્યો.

**2) ડાઘિયો શા માટે માથુ પછાડીને મરી ગયો?**

જ) લાખાએ ડાઘિયાને જોતા જ લાખાની આંખ ફરી ગઈ. અરે, રામ! આ કૂતરાએ મારી શાખ ઉપર પાણી ફેરવ્યું છે.એમ વિચાર્યું અને મો ફેરવી લીધુ.ડાઘિયાને આ સહન ન થયું અને તે પથ્થર ઉપર માથું પછાડીને મરી ગયો.,



## વ્યાકરણ

## નીચેના સમાનાર્થી શબ્દો લખો.

1) માસ =મહિનો
2) હરખ = આનંદ
3) પ્રિય = વહાલું
4) આબરૂ = ઈજ્જત
5) ભાગવું = દોડવું
6) વિશાળ = ખૂબજ મોટું

## નીચેના વિરુધ્ધાર્થી શબ્દો લખો.

1) ધ્યાન બેધ્યાન
2) વિદાય સ્વાગત
3) વિશ્વાસું અવિશ્વાસું
4) પાસે નજીક

## નીચેના રૂઢિપ્રયોગનાં અર્થ આપો.

1) આંખવાળી લેવી = દુ:ખી હૃદયે વિદાય લેવી.
2) ખાતર પડવું = ચોરી થવી.
3) દૂધે ધોયેલું = વિશ્વાસપાત્ર
4) પાણી ફેરવવું = આબરૂ કાઢવી

# પાઠ- 5 [ઉખાણાં]

## અઘરા શબ્દો

સંતાય

પાન

મા

ઝટ


ઘડો

જટા

ત્રિનેત્ર

ફટાફટ

બાજઠ



## શબ્દાર્થ

| | |
|---|---|
| સંતાય | = છુપાઈ જય |
| પાન | = પર્ણ |
| મા | = માતા |
| ઝટ | = ઝડપથી |
| ઘડો | = પાણી ભરવા માટેનુ માટલાં જેવુ પાત્ર. |
| જટા | = અવ્યવસ્થિત લાંબાવાળ |
| ત્રિનેત્ર | = ત્રણ આંખવાળું |
| ફટાફટ | = ઝડપથી |
| બાજઠ | = ચાર પાયાવાળું એક જાતનું આસન |

## સાહિત્ય

## નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) સવારે આવીને સાંજે કોણ સંતાઈ જાય છે?

જ) સવારે આવીને સાંજે સૂરજ સંતાઈ જાય છે.

2) કવિએ કોબીજની શી ઓળખ આપી છે?

જ) કવિએ કોબીજની ઓળખ આપતા કહ્યું છે કે કોબીજમાં એક પાન ઉપર બીજુ પાન હોય છે.તેના પાન લીલાં હોય છે.

3) મોં ના હોવા છતા કોણ અવાજ કરે છે?

જ) મોં ના હોવાછતા ચપટી અવાજ કરે છે.

4) જટા હોવાછતા જોગી કોણ નથી?

જ) જટા હોવાછતા નાળિયેર જોગી નથી.

5) જ્ઞાનની બારીઓ કોણ ખોલે છે?

જ) જ્ઞાનની બારીઓ કોમ્પ્યુટર ખોલે છે.

## નીચેનાં પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) ઉખાણાંને ઉકેલવાથી શું થાય છે?

જ) ઉખાણાંને ઉકેલવાથી મગજ વધારે કાર્યરત થાય છે. આપણી બુધ્ધિમાં વધારો થાય છે.નવું નવું જાણવા પણ મળે છે.

## વ્યાકરણ

## નીચેના સમાનાર્થી શબ્દો લખો.

1) પાન = પર્ણ

2) મોં = મુખ

3) સંતાવું = છુપાવું

4) વૃક્ષ = ઝાડ

5) પગ = ચરણ

6) દુનિયા = વિશ્વ

### નીચેના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

1) જ્ઞાન અજ્ઞાન

2) જન્મ મરણ

3) ચતુર મુર્ખ

4) નાનો મોટો

5) ઉતર સવાલ

6) ઊંઘવું જાગવું

### નીચેના શબ્દ સમુહ માટે એક શબ્દ આપો.

1) ઉનાળાની સખત ગરમ હવા = લૂં

2) ત્રણ આંખવાળુ = ત્રિનેત્ર

3) ચાર પાયાવાળું એક જાતનુ આસન = બાજોઠ


### નીચે આપેલા શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો.

બકરી , ગોખલો , પાંદડું , સૂરજ

જ) ગોખલો , પાંદડું , બકરી ,સૂરજ.

# કાવ્ય – 6 [ રાતાં ફૂલ ]

**અઘરા શબ્દો.**


Scanned with CamScanner

ઝુમખડું

ડોલરિયો

રાતી

પાળ

પારેવડું

મોલ

માંજર

નાર

ભાત્ય

કાખે

સેંથલિયો

**શબ્દાર્થ**

ઝુમખડું = ઝુમખું

ડોલરિયો = એક જાતનો ફુલછોડ

રાતી = લાલ

પાળ = દિવાલ

પારેવડું = પંખી

મોલ = પાક

માંજર = મરઘાના માથા પરની કલગી

નાર = સ્ત્રી

ભાત્ય = ડિઝાઈન

કાખે = કમરે

સેંથલિયો = સેંથો

સાહિત્ય

**નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

1) ઝુમખડું કયા રંગનુ છે?

જ) ઝુમખડું લાલ રંગનુ છે

2)આંખ કોની રાતી છે?

જ) આંખ પારેવાની રાતી છે.

3) મરઘલડાને માંજર હોય તો મોરને શું હોય છે?

જ)મરઘલડાને માંજર હોય તો મોરને કલગી હોય છે.

4) ચાંદરડે શું રેલાય છે?

જ) ચાંદરડે રાતા તેજ રેલાય છે.

5)ચંદ્ર અને સૂરજમાં શુ ફેર છે?

જ) ચંદ્ર  સુરજના તેજથી પ્રકાશે છે અને સૂરજમાં પોતાનુ તેજ છે.

**વ્યાકરણ**

**શબ્દજોડ બનાવો.**

1) ડાળ  -  પોપટડો
2) ગોખ  -  ભાભલડી
3) પાળ  - પારેવડું
4) નાર   - ચંદલડી
5) આભ  - ચાંદરડો
6) મોલ  - મરઘલડો

**અંતે ' યો ' આવતો હોય તેવા શબ્દો કાવ્યમાંથી શોધીને લખો.**


1) ડોલરિયો
2) સેંથલિયો
3) પાવળિયો

**શબ્દજોડ બનાવો.**

1) કુતરો  - કુતરી
2) કબુતર – હોલો
3) બકરો – બકરી
4) કુકડો – મરઘી
5) દેડકો – દેડકી
6) છોકરો – છોકરી



# પાઠ – 7 કલાકારની ભૂલ



અઘરા શબ્દો

શિલ્પી

અદભૂત

આબેહૂબ

દંગ

પ્રાણ

ખ્યાલ

તરકીબ

યમરાજ

આયુષ્ય

પટપટાવતો

નિષ્ણાંતો

## શબ્દાર્થ

શિલ્પી

અદભૂત

આબેહૂબ

દંગ

પ્રાણ

ખ્યાલ

તરકીબ

યમરાજ

આયુષ્ય

પટપટાવતો

નિષ્ણાંતો

## સાહિત્ય

**નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

1) મોહન કેવી મૂર્તિઓ બનાવતો હતો?

જ) મોહન અદભૂત અને આબેહૂબ મૂર્તિઓ બનાવતો હતો.

2) મોહનને દૂત કેમ ઓળખી ન શક્યો?

જ) મોહને તેના જેવી જ બીજી મૂર્તિઓ બનાવી હતી તેથી મોહનને દૂત ઓળખી ન શક્યો.

3) ચોકીદારની મૂર્તિ જોઈને ચોર શા માટે ભાગી ગયા?

જ) મોહને ચોકીદારની આબેહૂબ મૂર્તિ બનાવી હતી અને તે જ મૂર્તિ તેણે ઘરનાં બારણે મૂકી હતી, ચોર તેને સાચો માણસ સમજીને ત્યાંથી ભાગી ગયા.

4) મોહનને શું સ્વપ્ન આવ્યું?

જ) મોહનને સ્વપ્ન આવ્યું કે કાલે તેનુ મૃત્યુ થવાનુ છે.

**નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.**

1) યમરાજે દૂતને શું કહ્યું હતુ?

જ)યમરાજે દૂતને કહ્યું કે , " મૂર્ખ ,મોહન એક જ છે , પણ એ બુધ્ધિશાળી કલાકાર છે અને તુ એનાથી બની ગયો છે. આપણે દેવતા છીએ. થોડી બુધ્ધિ ચલાવ એટલે જીવતો મોહન પકડાઈ જશે.એનુ આયુષ્ય પૂરૂ થઈ ગયું છે એટલે એને જીવતો રાખવાનો નથી."

2) વૃધ્ધ થતા મોહને શું વિચાર્યુ?

જ)વૃધ્ધ થતા મોહને વિચાર્યુ કે હવે મૃત્યુ નજીક છે માટે કોઈ એવું કાર્ય કરી જવું જોઈએ કે લોકો વર્ષો સુધી ના ભૂલે.

વ્યાકરણ

નીચેનાં રૂઢિપ્રયોગનો અર્થ લખી વાક્ય પ્રયોગ કરો.

1) બની જવું – છેતરાઈ જવું
2) ખાલી હાથે - કશું લીધા વગર

શબ્દનાં પાછળ ' દાર ' લગાવી ખાલી જગ્યા પુરો.

1) ચોકી - ચોકીદાર
2) કામ - કામદાર
3) ધાર - ધારદાર
4) દુકાન – દુકાનદાર

નીચેના શબ્દસમુહ માટે એક શબ્દ આપો.

1) મૂર્તિઓ બનાવનાર = શિલ્પી
2) કલાનું સર્જન કરનાર = કલાકાર